My Amdavad

## સાતમા કોન્વોકેશનમાં ૩૨૮ સ્ટુડન્ટ્સને ડિગ્રી એનાયાત કરાઈ

# રાજ્યની એન્જિનિયિંગ કોલેજોના સ્ટુડન્ટ્સ માટે IITGnના દ્વાર ખુલ્યાં

**IITGn ફેકલ્ટી સાથે મળી ઈનોવેટિવ પ્રોજેક્ટસ કે રિસર્ચ કરવા અલાયદુ ફંડ ફાળવાશે**

આઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે ગઈ કાલે મળેલી બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મિટિંગની મળી હતી જેમાં રાજ્ય ભરની એન્જિનિયરિંગ કોલેજોના સ્ટુડન્ટ્સ અહીં આવી નોલેજ એન્હાસ કરી શકે તેમજ આઈ.આઈ.ટી. ફેકલ્ટી મેમ્બર્સ સાથે મળી ઈનોવેટિવ પ્રોજેક્ટ્સ પણ કરી શકે છે તેવો નિર્ણય લેવાયો હતો.



જો કે અત્યાર સુધી માત્ર વિશ્વકર્મા ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલેજોના સ્ટુડન્ટ્સ પાર્ટિસિપેટ કરતાં હતાં. સાથેજ કોલેજના પ્રિન્સિપાલ સાથે મિટિંગ કરી તેઓ સામે આવાતાં ચેલેન્જિસ વિશે જાણી તેને સોલ્વ કરવાના પ્રયત્નો કરાશે. તેમ આઈ.આઈ.ટી ગંધીનગરના સાતમાં કોન્વોકેશનને સંબોધતા ડાયરેક્ટર એસ. કે. જૈને ઝાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરતાના એન્જિનિરિંગ કોલેજો અહીં આવી રિસર્ચ,અને ઈનોવેટિવ પ્રેજેક્ટ કરે માટે અમે ૫૦ લાખ સુધીની અમાઉન્ટની બચત કરી રાખી છે અને ભવિષ્યમાં આ અમાઉન્ટ પણ વધારવીની ખાતરી તેમણે આપી હતી. આઈ.આઈ.ટી. ગાંધીનગરના સાતમા કોન્વોકેશનમાં બી.ટેક. એમ.ટેક, એમ.એ.ના ૨૧ સ્ટુડન્ટ્સને ગોલ્ડ મેડલ તથા સ્ટુડન્ટ્ને સિલ્વર મેડલ જ્યારે ૧૩ સ્ટુડન્ટ્સને બ્રોઝ મેડલ એનાયત કરાયો હતો. સાતે બે સ્ટુડન્ટ્સને ડ્યૂઅલ ડિગ્રી મેળવવા બદલ પણ મેડલ એનાયત કરાયો હતો. જ્યારે ટોટલ ૩૨૮ સ્ટુડન્ટ્સને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. જેમાં બી.ટેકના૧૧૨, ૨ બી.ટેક, એમ.ટેક સ્ટુડન્ટ્સ, ૯૬ એમ.ટેક, ૭૮ એમ.એસ. સી સ્ટુડ્ન્ટ્સ, ૧૪ એમ. એ. સ્ટુડન્ટસ, ૨૪ પી.એચડી. સ્ટુડન્ટ્સ અને ૨ PGDIIT સ્ટુડન્ટ્સ.

### સિવિલ સર્વિસની તૈયારીઓ માટે ૪ ને બદલે સાડા ત્રણ વર્ષમાં ડિગ્રી પૂર્ણ કરી

બે સ્ટુડન્ટ્સે ચાર વર્ષને બદલે સાડાત્રણ વર્ષમાં બી.ટેક કમ્પલીટ કર્યું હતું. આ અંગે વાત કરતાં વિકાસ મીના અને ભવ્ય જૈને જણાવ્યું હતું આઠ સેમેસ્ટરના દરેક સેમેસ્ટરમાં એક્સ્ટ્રા સબ્જેક્ટ લઈ ભણવાનું શરૂ કર્યું. અમે સ્પોર્ટસ સહિતની એકસ્ટ્રા એક્વિટી કરવાને બદલે વગર ટ્યુટરની હેલ્પથી રેસ્ટલેસ નાઈટ સ્પેન્ડ કરી સાડા ત્રણ વર્ષમાં ડિગ્રી પૂર્ણ કરી. જેથી અમારી પાસે રહેલ ૬ મહિનામાં સિવિલ સર્વિસિ કે બિઝનેસ પ્લાન કરી શકાય.

### રિયલ લાઈફ એક્સપીરિયન્સ પરથી પ્રેરણા હાંસલ કરવા ઉદભોદન કરતાં ટીચ ઈન્ડિયાના અનુઆગા



આ પ્રસંગે ચીફ ગેસ્ટ તરીકે ઉપસ્થિત રહેલા ટીચ ઈન્ડિયાના ચેરપર્સન અનુઆગાએ જણાવ્યું હતું આપણા દેશમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત માત્ર શાળાનું સ્ટ્રક્ચર સુધારવામાં આવે છે સેનિટેશનની સમસ્યા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.ટિચર્સને ટ્રેનિંગ આપી તેઓની ક્વોલિટી સુધારવા પર ધ્યાન આપવામાં આવતું નથી. અપ્રસંગે તેમણે સ્ટુડન્ટ્ને મોટિવેટ કરતાં પોતાના જીવનના યાદગાર પ્રસંગો વર્ણવ્યાં હતાં જેમાંથી તેમની સામે આવેલા પડકારોનો તેમણે કેવી રીતે સામનો કર્યો તેના પરથી સ્ટુડન્ટ્સને પ્રેરણા હાંસલ કરવા જણાવી જીવનમાં ક્યારેય પાછા નહીં પડવાની સલાહ આપી હતી.

**Title:** IIT GN opens door for students in the state as well.
**Source:** Sandesh (City Life; Pg. no. 1)
**Link:** http://sandeshepaper.in/edition/51433/ahmedabad/page/17/zoom
**Date:** 29.07.2018